ગુજરાતની સહકારી પ્રવૃત્તિનું મુખપત્ર

# સહકાર

દર મહિનાની પાંચમી અને વીસમીએ પ્રગટ થતું પાક્ષિક

ગુજરાત રાજ્ય સહકારી સંઘ, 'સહયોગ' રિલીફ રોડ, અમદાવાદ-380 001 • Fax No. (079) 25351360 • Phone : 25352220 • Email : sahakarguj1850@gmail.com

સંપાદક મંડળ : ઘનશ્યામભાઈ એચ. અમીન ■ ભીખાભાઈ ઝ. પટેલ ■ તંત્રી : ડો. રાજેન્દ્ર સી. ત્રિવેદી ■ વર્ષ : 72 ■ અંક : 10 ■ તારીખ : 20, ઓગષ્ટ, 2024 ■ વાર્ષિક લવાજમ રૂપિયા 80.00 ■ કિંમત રૂા. 3.00

SAHAKAR GUJARATI FORT-NIGHTLY RNI NO. 1850/57 Regd under postal Regn. No. GAMC-105/2024-2026 valid upto 31-12-2026 issued by the SSPO's, Ahmedabad city on permitted to post at and AHMD PSO on 5th and 20th of every month. License to post without prepayment of postage No. PMG/NG/026/2024-2026 valid upto 31-12-2026.

## સહકારી મંડળીઓને NCDCની મળતી સહાયમાં બે વર્ષમાં 1470 ટકાનો વધારો

ગાંધીનગર : નેશનલ કો-ઓપરેટિવ ડેવલપમેન્ટ કોર્પોરેશન (NCDC) દ્વારા ગુજરાતની સહકારી મંડળીઓ અને સંઘોને લોન અને ગ્રાન્ટ પેટે અપાતી નાણાકીય સહાયમાં છેલ્લા બે વર્ષમાં 1470 ટકાનો તીવ્ર ઉછાળો નોંધાયો છે. કોર્પોરેશન દ્વારા રાજ્યની નોંધાયેલી 82,143 સહકારી મંડળી, સંઘોને અપાતી નાણાકીય સહાયનો આંક 2021-22માં રૂ.37.40 કરોડ હતો, જે 2023-24માં વધીને રૂ.586.99 કરોડે પહોંચી ગયો છે, તેમ રાજ્યસભામાં સાંસદ પરિમલ નથવાણીએ પૂછેલા પ્રશ્નના ઉત્તરમાં કેન્દ્રીય સહકારિતા મંત્રીશ્રી અમિતભાઇ શાહે વિગતો આપી હતી.

સાંસદ નથવાણીએ દેશમાં કેટલી સહકારી મંડળીઓ નોંધાયેલી છે તેમજ સરકાર દ્વારા તેને અદ્યતન બનાવવા, પારદર્શિતા લાવવા, આધુનિકરણ, સ્પર્ધાત્મકતાની રચના અને ક્ષમતા નિર્માણ માટે શા પગલાં લેવાયા છે અને અલગ મંત્રાલયની સ્થાપના બાદ આ મંડળીઓને ક્ષમતા વિસ્તાર માટે સરકાર તરફથી કેટલી નાણાકીય સહાયતા પૂરી પડાઈ છે તેની જાણકારી માગી હતી. તેના ઉત્તરમાં સહકારિતામંત્રીએ જણાવ્યું હતું કે, એનસીડીસી દ્વારા છેલ્લા ત્રણ વર્ષમાં આ સંસ્થાઓને કુલ રૂ.1,34,60.90



**સહકારિતા મંત્રીશ્રી અમિતભાઈનો રાજ્યસભામાં સાંસદ પરિમલ નથવાણીને પ્રત્યુત્તર**

કરોડની રકમ લોન પેટે, રૂ.1200.04 કરોડની રકમ ગ્રાન્ટ પેટે વિતરણ કરાઈ છે.

મંડળીઓને સદ્ધર બનાવવા કેન્દ્ર સરકારે રૂ.2516 કરોડના ખર્ચે હાલ કાર્યરત મંડળીઓના કમ્પ્યુટરાઈઝેશન માટેના પ્રોજેક્ટને મંજૂરી આપી છે, તેમ કહી મંત્રીએ ઉમેર્યું હતું કે, જેના થકી દેશની તમામ કાર્યરત મંડળીઓ એક સમાન ઈઆરપી આધારિત રાષ્ટ્રીય સોફ્ટવેર સાથે જોડાઈ જશે. તેનું રાજ્ય સહકારી બેંકો (એસટીસીબી) અને જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકો (ડીસીસીબી)ના માધ્યમે નાબાર્ડ સાથે લિન્કિંગ થશે. આ પ્રોજેક્ટ હેઠળ 30 રાજ્યો યુટીની કુલ 67,009 મંડળીને મંજૂર કરાઈ છે. જેમાંથી 28 રાજ્યો/યુટી દ્વારા હાર્ડવેર પણ ખરીદી લેવાયા છે. કુલ 25674 મંડળીઓ ઈઆરપી સોફ્ટવેર સાથે જોડાઈ ચૂકી છે અને 15,207 મંડળીઓ લાઈવ થઈ ચૂકી છે. કેન્દ્ર સરકારે વર્ષ 2022-23થી વર્ષ 2024-25 દરમિયાન રૂ.654.22 કરોડનો હિસ્સો ચૂકવી દીધો છે.

### અમદાવાદ મુકામે ગુજરાત સ્ટેટ કો-ઓપ.ક્રેડિટ સોસાયટીઝ ફેડરેશન લિ.ની 27મી વાર્ષિક સાધારણ સભા તથા લીડરશીપ ડેવલપમેન્ટ પ્રોગ્રામ યોજાયા

## 120 દેશોમાં સફળતાપૂર્વક ચાલતી સહકારી પ્રવૃત્તિ નાના તથા મધ્યમવર્ગના આર્થિક ઉપાર્જનમાં શ્રેષ્ઠ સાધન તરીકે પૂરવાર થઈ છે : શ્રી ઘનશ્યામભાઈ અમીન



અમદાવાદ : ધી ગુજરાત સ્ટેટ કો-ઓપ. ક્રેડિટ સોસાયટીઝ ફેડરેશન લિ.અમદાવાદની 27મી વાર્ષિક સાધારણ સભા તથા લીડરશીપ ડેવલપમેન્ટ પ્રોગ્રામ ફેડરેશનના ચેરમેનશ્રી ઘનશ્યામભાઈ એચ.અમીનના અધ્યક્ષસ્થાને તારીખ 13/08/2024ના રોજ સહયોગ, અમદાવાદ મુકામે યોજાયા હતા.

સભાના પ્રમુખસ્થાનેથી ફેડરેશનના ચેરમેનશ્રી ઘનશ્યામભાઈ અમીને જણાવ્યું હતું કે ફેડરેશનની 27મી વાર્ષિક સાધારણ સભામાં ફેડરેશનના ચેરમેનશ્રી ઘનશ્યામભાઈ એચ. અમીને જણાવ્યું હતું કે સહકારી પ્રવૃત્તિ વિશ્વના 120 દેશોમાં સફળતાપૂર્ણ ચાલી રહી છે અને નાના તથા મધ્યમવર્ગના આર્થિક ઉપાર્જનમાં શ્રેષ્ઠ સાધન તરીકે પૂરવાર થઈ છે. 250 દેશોના બનેલા સંગઠન યુનોની છેલ્લી મિટિંગમાં 2025ના વર્ષને આંતરરાષ્ટ્રીય સહકાર વર્ષ તરીકે ઉજવવાનો નિર્ધાર કર્યો છે ત્યારે સહકારનો બહોળો પ્રચાર-પ્રસાર થાય અને છેવાડાના લોકો સુધી તેનો મહત્તમ લાભ મળે તે જોવાની આપણી ફરજ છે.મંડળીઓની સભા કે કાર્યક્રમોમાં આ બાબતે લોકજાગૃત્તિ લાવી લોકોને સહકાર

અનુસંધાન પાના નંબર : 2






## ગુજરાતમાં સખીમંડળની બહેનો આર્થિક ક્ષેત્રે પગભર બની નવી કેડી કંડારી રહી છે : શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ

ગાંધીનગર : ગુજરાતના ગામડાની મહિલાઓને આત્મનિર્ભર બનાવવા માટે સ્વસહાય જૂથોના માધ્યમથી તેમના સર્વાંગી વિકાસ માટે સરકાર સતત પ્રયત્નશીલ છે. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં આ દિશામાં નોંધપાત્ર કામગીરી થઈ રહી છે. જેના પરિણામ સ્વરૂપે આજે ગામડાની મહિલાઓ દેશભરની અન્ય મહિલાઓ માટે પ્રેરણાના અનોખા દૃષ્ટાંત બન્યા છે. આજે આપણે વાત કરી રહ્યા છીએ બનાસની ડ્રોન દીદી આશાબેન ચૌધરીની, જેઓ ગામડામાં રહીને તેમના સપના સાકાર કરી રહ્યાં છે.

મહિલાઓના સશક્તીકરણ માટે સતત પ્રયત્નશીલ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ડ્રોનના ઉપયોગ થી મહિલાઓને આર્થિક રીતે અગ્રેસર કરવા માટે વર્ષ 2023થી 'નમો ડ્રોન દીદી યોજના' અમલમાં મૂકી છે. યોજનાનો આ ઉદ્દેશ ખેતીમાં નવી ટેકનોલોજીનો ઉપયોગ કરીને ડ્રોન દ્વારા ખાતર અને જંતુનાશકોનો છંટકાવ કરતા શીખવવાનો છે. ડ્રોન દીદી યોજના માટે 10 થી 15 ગામોની સ્વસહાય જૂથની મહિલાઓને એક સાથે તાલીમ આપવામાં આવે છે, જેમાં ડ્રોન ચલાવવા માટેની 15 દિવસની તાલીમ



**બનાસની 'ડ્રોન દીદી': આશાબેન ચૌધરીએ છ મહિનામાં ડ્રોનથી દવા છંટકાવ કરીને રૂા.1 લાખની કમાણી કરી**

પણ સામેલ છે. ગુજરાતમાં આવા જ એક ડ્રોન દીદી છે- આશાબેન ચૌધરી, બનાસકાંઠાના ડીસા તાલુકાના તાલેપુરા ગામના રહેવાસી 31 વર્ષીય આશાબેન ચૌધરી પશુપાલન અને ખેતીવાડી સાથે સંકળાયેલા પરિવારથી સંબંધ ધરાવે છે. તેમણે મેકેનિકલ એન્જિનિયર સુધીનો અભ્યાસ કર્યો છે અને અત્યારે ડ્રોન દીદી કાર્યક્રમ અંતર્ગત તાલીમ મેળવીને આસપાસના વિસ્તારમાં ડ્રોનની મદદથી જંતુનાશક દવાઓનો છંટકાવ કરીને આવક મેળવી રહ્યાં છે.

ડ્રોન ઉડાન ક્ષેત્રમાં સામેલ થવા અંગે આશાબેન જણાવે છે, 'મને ડ્રોન વિશે કંઈ ખબર ન હતી પણ સખીમંડળ દ્વારા યોજાતા તમામ કાર્યક્રમોમાં હું સામેલ રહેતી એટલે મને ડ્રોન દીદી કાર્યક્રમ અંગે માહિતી મળી. તે કાર્યક્રમ અંતર્ગત 2023માં મેં પૂણેમાં 15 દિવસની તાલીમ લીધી હતી. તે પહેલા ઈફકોમાં અમારું ઈન્ટરવ્યૂ લેવામાં

અનુસંધાન પાના નંબર : 2

### ગુજરાત રાજ્ય સહકારી સંઘની મુલાકાત લેતા

## નેશનલ બેંક ફોર એગ્રીકલ્ચર એન્ડ રૂરલ ડેવલપમેન્ટ (નાબાર્ડ)નું પ્રતિનિધિ મંડળ

અમદાવાદઃ નાબાર્ડ દ્વારા સોપવામાં આવેલ પેક્સ કોમ્પ્યુટરાઈઝેશનના તાલીમ વર્ગો ખૂબ જ સારી રીતે સમયસર પૂરા કરી રાજ્ય સહકારી સંઘ ગુજરાતમાં સહકારી શિક્ષણ અને તાલીમ ક્ષેત્રે મહત્વનું સ્થાન ધરાવે છે તે પુરવાર કર્યું છે. જેના પરિણામે નાબાર્ડની ભગીની સંસ્થા (બર્ડ) બેન્કિંગ ઈન્સ્ટિટ્યુટ ઓફ રૂરલ ડેવલોપમેન્ટના તાલીમ વર્ગો પણ રાજ્ય સહકારી સંઘે કરવા જોઈએ તેવો વિચાર ઉદ્ભવ્યો. પરંતુ તે માટે સૌ પ્રથમ બર્ડ, લખનૌમાં સભ્ય થવું પડે. તેનું એક્રેડિરેશન મેળવવું પડે. અને તો જ બર્ડ દ્વારા યોજવામાં આવતા તાલીમ વર્ગો યોજવાની રાજ્ય સહકારી સંઘને મંજૂરી મળે.

આ અંગે માનનીય શ્રી ઘનશ્યામભાઈ અમીનની દોરવણી હેઠળ બર્ડનું એક્રેડિટેશન મેળવવાની કામગીરી હાથ ધરવામાં આવી.

તેના ભાગરૂપે ગુજરાત રાજ્ય સહકારી સંઘ અને તેના તાબા હેઠળના જુનિયર ટ્રેનિંગ સેન્ટરોની તાલીમ, શિક્ષણ, પ્રચાર પ્રસાર અને સંશોધનની કામગીરીની અભ્યાસ મૂલ્યાંકન કરવા માટે બેન્કિંગ

અનુસંધાન પાના નંબર : 2





## સહકારી બેન્કોની તંદુરસ્તી સુધારવા RBIએ પ્રોમ્પ્ટ કરેક્ટિવ સિસ્ટમ દાખલ કરી

અમદાવાદ : નબળી પડી ગયેલી કે નબળી પડી રહેલી શહેરી સહકારી બેન્કોની તંદુરસ્તી સુધારવા માટે રિઝર્વ બેન્કે પ્રોમ્પ્ટ કરેક્ટિવ એક્શન એટલે કે તત્કાળ સ્થિતિ સુધારી પગલાંની જાહેરાત કરી છે. જે બેન્કોની થાપણો રૂ. 100 કરોડથી વધારેની છે તે બેન્કોને આ વ્યવસ્થા લાગુ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ બેન્કો નબળી પડી રહી હોય તો તેને ફરીથી તંદુરસ્ત બનાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ બેન્કોએ પ્રોમ્પ્ટ કરેક્ટિવ એક્શનનો પ્લાન તૈયાર કરીને રિઝર્વ બેન્ક પાસેથી તેની મંજૂરી મેળવીને પછી જ તેનો અમલ કરવાનો રહેશે.

બેન્કની મૂડી અને ચોખ્ખો નફો મેળવવાની ક્ષમતા ઘટી રહી હોવાને લગતા નિર્દેશકો જોખમી સપાટીથી નીચે આવી ગયા હોય તેવી અને આ બેન્કનું સંચાલન બરાબર ન થતું હોય કે બેન્ક આર્થિક રીતે નબળી પડવા માંડી હોય તેવી તમામ શહેરી સહકારી બેન્કોનો પ્રોમ્પ્ટ કરેક્ટિવ એક્શન હેઠળના પ્લાન હેઠળ મૂકી




શકાશે. આજે ગુજરાતમાં 218થી વધુ અર્બન કો-ઓપરેટિવ બેન્કો સક્રિય છે અને દેશમાં 1500થી વધુ અર્બન કો-ઓપરેટિવ બેન્ક સક્રિય છે. ગુજરાતની અર્બન કો-ઓપરેટિવ બેન્કો અને તેની તેની શાખાઓમાં થાપણદારોના અબજો રૂપિયા ડિપોઝિટ પેટ જમા પડેલા હોય છે. આ જોગવાઈ ટીયર વનમાં આવતી રૂ. 100 કરોડ સુધીની થાપણ ધરાવનારી, ટીયર ટુમાં આવતી રૂ. 100 કરોડથી 1000 કરોડની થાપણ ધરાવનારી, ટીયર થ્રીમાં આવતી રૂ. 1000 કરોડથી

અનુસંધાન પાના નંબર : 3

## દેશના દરેક જિલ્લામાં મધ્યસ્થ સહકારી બેન્ક સ્થાપવા નાબાર્ડ સક્રિય

અમદાવાદ : સુરેશ પ્રભુના વડપણ હેઠળ રચાયેલી કમિટી દ્વારા તૈયાર કરવામાં આવી રહેલી નવી રાષ્ટ્રીય સહકાર નીતિના ભાગરૂપે જ દેશના તમામ 600થી વધુ જિલ્લાઓમાં જિલ્લા મધ્યસ્થ સહકારી બેન્ક સક્રિય બને તે માટેની તૈયારી નાબાર્ડે કરવા માંડી છે. ગુજરાતમાં અત્યારે સત્તર જિલ્લા મધ્યસ્થ સહકારી બેન્કો છે. નવી નીતિના અમલીકરણ પછી ગુજરાતમાં જિલ્લા મધ્યસ્થ સહકારી બેન્કોની સંખ્યા વધીને 33 થઈ જશે. રાજ્યસભામાં આ માહિતી આપવામાં આવી છે. આ સમિતિમાં સહકાર ક્ષેત્રના નિષ્ણાતોને પણ સ્થાન આપવામાં આવેલું છે. નવી ડ્રાફ્ટ પોલીસીમાં આ અંગેનું સૂચન પણ



કરવામાં આવ્યું છે. કોઓપરેશન એમોંગ્સ્ટ કો-ઓપરેટિવ્સના સિદ્ધાંતને સાકાર કરવા અને દરેક જિલ્લાની તમામ સહકારી સંસ્થાઓ જિલ્લા સહકારી બેન્કો મારફતે જ આર્થિક વહેવાર કરીને જિલ્લા બેન્કોની આર્થિક સદ્ધરતામાં વધારો કરે તે હેતુને પાર પાડવા માટે પણ દરેક જિલ્લામાં મધ્યસ્થ સહકારી બેન્ક હોવી જરૂરી જણાઈ છે. તેનાથી દરેક જિલ્લામાં વધુને વધુ લોકોને બેન્કિંગની સુવિધા પણ મળતી થશે.

# આણંદ જિલ્લા સહકારી સંઘની 21મી વાર્ષિક સાધારણ સભા સંપન્ન

આણંદ : આણંદ જિલ્લા સહકારી સંઘની 21મી વાર્ષિક સાધારણ સભા લાયન્સ ક્લબ હોલ નવા બસ સ્ટેન્ડ સામે, આણંદ મુકામે સંઘના અધ્યક્ષ શ્રી રજનીકાંત જશભાઈ પટેલના પ્રમુખપણા હેઠળ યોજાઈ.

સંઘની સાધારણ સભામાં ઉપસ્થિત સંઘના હોદ્દેદારો, બોર્ડ ઓફ મેનેજમેન્ટના સભ્યોનો પરિચય આપી, સંઘની આજીવન મંડળી સભાસદોમાંથી આવેલ ચેરમેનશ્રી, કમિટી સભ્યો તેમજ આમંત્રિત મહેમાનોનું શાબ્દિક સ્વાગત જિલ્લા સંઘના કલ્પેશભાઈ રબારીએ કર્યું હતું.

આ સાધારણ સભામાં જિલ્લા સહકારી સંઘના એક્ઝિક્યુટિવ ઓફિસરશ્રી કાર્તિકભાઈ પટેલે જિલ્લા સંઘની સહકારી શિક્ષણ, તાલીમ અને સંઘની કામગીરી વિશે વિસ્તૃત માહિતી આપી હતી.

સંઘની 21મી વાર્ષિક સાધારણ સભાના એજન્ડા મુજબની કામગીરી અધ્યક્ષશ્રી રજનીકાંત જશભાઈ પટેલે સભા સમક્ષ રજુ કરેલ જેને સભામાં ઉપસ્થિત સર્વે સભાસદોએ સર્વાનુમતે તમામ કામોને અનુમોદન આપ્યું હતું.

સદર વાર્ષિક સાધારણ સભાની આભારવિધિ ગુજરાત રાજ્ય સહકારી સંઘના આસિ. એક્ઝિક્યુટિવ ઓફિસર અને છોટાલાલ વ્યાસ તાલીમ કેન્દ્ર, નડિયાદના આચાર્યશ્રી શીતલભાઈ ભટ્ટે કરી હતી.


સમગ્ર સભાનું સંચાલન સંઘના સી.ઈ.આઈ. હિતેશભાઈ રાઠોડે કર્યું હતું. સંઘની આજીવન સભાસદ મંડળીમાંથી પધારેલ 200 જેટલા પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા.




# પ્લાસ્ટિકની બોટલોનું પાણી પીવાથી બ્લડપ્રેસર વધી શકે

બસ, ટ્રેન અને વિમાનની સફર દરમિયાન લોકો પ્લાસ્ટિકની પાણીની બોટલોનો ઉપયોગ કરે છે. ઘરોમાં એનો ઉપયોગ સામાન્ય છે. સંશોધનથી ચિત્ર સ્પષ્ટ થયું છે કે, પ્લાસ્ટિકની બોટલોથી પાણી- પીવું સ્વાસ્થ્ય માટે હાનીકારક બની શકે છે.

આ બોટલનું પાણી રકત પ્રવાહમાં પ્રવેશ કરી નાના-નાના કણોના કારણે બ્લડપ્રેસર વધારી શકે છે. ન્યૂયોર્ક પોસ્ટના રિપોર્ટ અનુસાર માઈક્રોપ્લાસ્ટિકસ જર્નલમાં પ્રકાશિત શોધમાં જણાવ્યું છે કે, ખાવા પીવાની ચીજોની સાથે માઈક્રો પ્લાસ્ટિકના કણ રકત તથા અન્ય અંગોમાં પ્રભાવિત કરી શકે છે. એમણે શોધ દરમિયાન જોયું કે પ્લાસ્ટિક તથા કાચની બોટલોથી પાણી પીવાનું બંધ કરી દીધું અને બે હપ્તા સુધી નળના પાણીનું સેવન કર્યું, એમના બ્લડપ્રેસરમાં ઘણી કમી આવી. આ પૂર્વે એક શોધમાં જણાવાયું હતું કે, માણસ દર અઠવાડિયે લગભગ પાંચ ગ્રામ માઈક્રોપ્લાસ્ટિકનું સેવન કરે છે, જે એક ક્રેડિટ કાર્ડના વજન બરાબર છે.



**કાચની બોટલોના પેક પદાર્થોમાં પણ આ શક્યતા હોઈ શકે : અભ્યાસમાં દાવો**

કાચની બોટલોમાં પેક તરલક પદાર્થોમાં પણ માઈક્રોપ્લાસ્ટિક જોવા મળ્યા માઈક્રોપ્લાસ્ટિક દુનિયાભરમાં ચિંતાનું કારણ બનેલ છે, એની સાથે જોડાયેલ સ્વાસ્થ્ય સમસ્યાઓમાં હૃદય રોગ, હાર્મોન્સ અસંતુલન અને કેન્સર શામેલ છે. શોધ કર્તાઓનું કહેવું છે કે, જે લોકો લાંબા સમયથી પ્લાસ્ટિકની બોટલોથી પાણી પીવે છે, એમનું બ્લડપ્રેશર વધેલું હોઈ શકે છે.

# હાલોલ અર્થક્ષમ સેવા સહકારી મંડળીઓ માટે ખાસ પ્રકારનો તાલીમ વર્ગ

હાલોલ : પંચમહાલ જિલ્લા સહકારી સંઘ,ગોધરાના ઉપક્રમે હાલોલ અને જાંબુઘોડા તાલુકાની અર્થક્ષમ સેવા સહકારી મંડળીઓના કર્મચારીઓ માટે તારીખ 24/6/2024 થી તારીખ 29/6/ 2024 દરમ્યાન હાલોલ એ.પી. એમ.સી. મુકામે ખાસ પ્રકારનો કર્મચારીઓનો તાલીમ વર્ગ યોજવામાં આવ્યો હતો.



આ વર્ગમાં કોમન સર્વિસ સેન્ટરના જિલ્લા મેનેજરશ્રી વનરાજસિંહ ચાવડા તથા આત્મા પ્રોજેકટમાંથી આસિ. ટેકનોલોજી મેનેજરશ્રી ઘનશ્યામસિંહ ઠાકોર તથા બ્લોક ટેકનોલોજી મેનેજરશ્રી પાર્થ પંચાલ તથા રિર્ટાયડ ઓડિટરશ્રી તથા જનતા સહકારી બેન્ક હાલોલના ચેરમેનશ્રી રાજનભાઈ શાહ અને ધી હાલોલ તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘના ચેરમેનશ્રી અશોકભાઈ પટેલ તથા ઈફ્કોના ક્ષેત્રીય મદદનીશ શ્રી ઋત્વિકભાઈ પટેલ વગેરે ઉપસ્થિત રહી અલગ અલગ વિષય ઉપર વિસ્તૃત માહિતી માર્ગદર્શન પૂરા પાડ્યા હતા.

આ વર્ગમાં કુલ 25 તાલીમાર્થીઓ એ સંતોષકારક તાલીમ લીધેલ છે.આ વર્ગનું સફળ સંચાલન સી.ઈ.આઈ.શ્રી દેવેન્દ્રસિંહ બી.સોલંકી એ કર્યું હતું.

# બરોડા ડેરીને સંલગ્ન દૂધ ઉત્પાદક મંડળીઓના સભ્યોને મરણોત્તર સહાય ચૂકવવામાં આવશે

## બરોડા ડેરીની 66મી વાર્ષિક સાધારણ સભા કેલનપુર ખાતે સંપન્ન

વડોદરા : વડોદરા સ્થિત બરોડા ડેરીની મળેલી 66મી વાર્ષિક સાધારણ સભામાં ડેરીની સાથે સંલગ્ન દૂધ ઉત્પાદક મંડળીઓના સભ્યોને મરણોત્તર સહાય ચૂવવામાં આવે એવો મુદ્દો ઉઠ્યો હતો. અલબત્ત આ મુદ્દાને ત્વરિત ચર્ચા કરીને મંડળીના સભ્યો અને કર્મચારીઓને મરણોત્તર સહાય ચૂક્વવાનું આયોજન કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. અલબત્ત, વાર્ષિક સાધારણ સભા ચર્ચા બાદ મહત્વના નિર્ણયો લઈને પૂર્ણ કરવામાં આવી હતી.

બરોડા ડેરીના પ્રમુખશ્રી દિનુ મામાના અધ્યક્ષ સ્થાને કેલનપુર ખાતે દાદા ભગવાન મંદિરના હોલમાં બરોડા ડેરીની 66મી વાર્ષિક સાધારણ સભા મળી હતી. જેમાં વાઘોડિયા તાલુકાના વ્યારા દૂધ ઉત્પાદક મંડળીના સભ્ય નારણભાઈ પટેલે સંઘને રજૂઆત કરતાં જણાવ્યું હતું કે બરોડા ડેરી દ્વારા આજે ગત વર્ષ દરમિયાન અવસાન પામેલા દૂધ ઉત્પાદક મંડળીઓના પ્રમુખ અને મંત્રીઓના પરિવારજનોને રૂપિયા બે લાખની મરણોત્તર સહાય આપવામાં આવી છે., તે આવકારદાયક છે. પરંતુ બરોડા ડેરી દ્વારા અન્ય જિલ્લાઓની જેમ ભંડોળ એકઠું કરીને દૂધ ઉત્પાદક મંડળીઓના સભ્યો તેમજ કર્મચારીઓને પણ મરણોત્તર સહાય ચૂકવવામાં આવે તેવી મારી લાગણી અને માગણી છે.

બરોડા ડેરી દ્વારા સંચાલિત વ્યારા ગામની દૂધ ઉત્પાદક મંડળીના સભ્ય દ્વારા કરવામાં આવેલી રજૂઆતને આભાર વિધિ કરવા માટે ઊભા થયેલા ઉપપ્રમુખ જી. બી. સોલંકીએ જણાવ્યું કે, સભ્ય દ્વારા કરવામાં આવેલી રજૂઆત આવકારદાયક છે. આજે સાધારણ સભામાં ઉપસ્થિત રહેલા તમામ સભ્યો ભંડોળ એકઠું કરવા માટે સહમતિ આપવા તૈયાર હોય તો બરોડા ડેરી આ દિશામાં આગળ વધવા તૈયાર છે. ઉપપ્રમુખની સભ્યો પાસે માગવામાં આવેલી મંજૂરીને સાધારણ સભામાં ઉપસ્થિત રહેલા તમામ સભાસદો એ હાથ ઊંચો કરીને મંજૂરી આપી હતી. બરોડા ડેરીની સાધારણ સભામાં પ્રમુખ દિનુ મામાએ વાર્ષિક હિસાબો રજૂ કર્યા હતા અને સાધારણ સભામાં ઉપસ્થિત સભાસદોની મંજૂરી મેળવીને મંજૂર કર્યા હતા. આ ઉપરાંત બરોડા ડેરી સંચાલિત દૂધ ઉત્પાદક મંડળીઓના સભાસદોને એક સાથે રૂપિયા 85 કરોડ ભાવ ફેર આપવાની જાહેરાત કરી હતી.




120 દેશોમાં સફળતાપૂર્વક.... પાના નંબર : 1નું અનુસંધાન

અને તેના લાભોની પ્રતિતિ કરાવવી જોઈએ.આંતરરાષ્ટ્રીય સહકારી વર્ષ 2025માં ક્રેડિટ સોસાયટીઓએ આવા કાર્યક્રમો રાખવાની હું સૌને અપીલ કરૂ છું. આપણા માન.વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સહકારી માળખા દ્વારા છેવાડાના માણસને મદદરૂપ થવાની ભાવનાથી સહકાર થી સમૃધ્ધિનું સૂત્ર આપ્યું છે જેનો સહકારથી નાના ગામડાઓની સમૃધ્ધિ થાય તે મુખ્ય હેતું છે તેથી આપણી મંડળીઓ દ્વારા સભાસદોને વધુમાં વધુ ફાયદો થાય તે જોવું જોઈએ.ભારત સરકાર દ્વારા 2 લાખ પેક્સ મંડળીઓ ઊભી કરવાનું આયોજન છે અને બાયલોઝમાં સુધારા કરવામાં આવતાં પેક્સ હવે વિવિધ પ્રકારની કામગીરી જેવી કે મેડિકલ,જન ઔષધી કેન્દ્રો,રેલ્વે કે પ્લેન ટીકિટ બુકિંગ,ગેસ એજન્સી,પેટ્રોલ પંપ વગેરે લગતી કામગીરી પણ કરી શકશે.

આજે બદલાતા માહોલમાં સ્મોલ ફાઈનાન્સનો રાફડો ફાટ્યો છે જેની સીધી સ્પર્ધા ક્રેડિટ સોસાયટીઓને થવાની છે, ત્યારે ક્રેડિટ સોસાયટીઓએ સ્કીલડેવલપ કરવી પડશે, તેના ફોલોઅર્સ વધારવા પડશે, નાના કારીગરો, દરજીઓ, મજૂર વર્ગ સુધી પહોંચીને રૂપિયા 50 હજાર સુધીના પણ ધિરાણ કરવા જોઈએ જે હાલમાં સ્મોલ ફાઈનાન્સ બેંકો કરી રહી છે ક્રેડિટ સોસાયટીઓએ નાના વર્ગને આર્થિક રીતે સધ્ધર કરવાનો છે તે તરફ સૌનું ધ્યાન હોવું જોઈએ. ફેડરેશનના સઘન અને સતત પ્રયાસોથી અને સરકારમાં વારંવાર રજૂઆતો કરવાથી ક્રેડિટ સોસાયટીઓને રૂપિયા 50 હજારના ધિરાણ સુધી સ્ટેમ્પ ડ્યુટીમાંથી મુક્તિ આપવામાં આવી છે જે સરાહનીય બાબત છે, જો કે સભાસદોની લાગણી અને માગણીને ધ્યાનમાં લઈ મેં રૂપિયા 1 લાખ સુધી સ્ટેમ્પ ડ્યુટીમાંથી મુક્તિ મળે તે દિશામાં રજૂઆતો કરી છે જે પ્રોસેસ હેઠળ છે. બીજુ કે મહારાષ્ટ્ર સરકારે વસૂલાતના પાવર સ્ટેટ ક્રેડિટ સોસાયટીઝ ફેડરેશનને આપેલ છે તે અહિં નથી તો સ્ટેટ ક્રેડિટ ફેડરેશનને પણ આ પાવર મળે તે માટે ગુજરાત સરકારમાં ફેડરેશનને રજૂઆત કરી છે અને જો આ પાવર મળે તો વસૂલાત ઝડપી બનશે અને એન.પી.એ.ઘટશે.

અમદાવાદ જિલ્લા રજિસ્ટ્રાર (હાઉસિંગ) શ્રી વી.આર. કપૂરીયાએ જણાવ્યું હતું કે સહકારી માળખુ કૃષિ વિષયક ધિરાણ અને બિનકૃષિ વિષયક ધિરાણ એમ બે પ્રકારનું છે અને તમે બિન કૃષિ ધિરાણ પ્રતિનિધિ છો. અહિ વિવિધ પરિપત્રોની સમજ આપવામાં આવી છે જેમાં એન.પી.એ.,લોકર સુવિધા,સ્ટેમ્પ ડ્યુટી જેવા જાહેરનામાનું અનુપાલન કરવાની સભાસદોને અપીલ કરી હતી.ક્રેડિટ સોસાયટીઓની સામે બેવડી જવાબદારી આવી છે,.આજે નાણાકીય વ્યવસ્થાપનમાં સ્પર્ધાત્મક માહોલ છે.સહકારી ક્રેડિટ સોસાયટીઓએ બેંકો,સ્મોલ ફાઈનાન્સનો પણ સામનો કરવાનો રહે છે.ક્યારેક વસૂલાત પણ મુશ્કેલ પડે છે.આવા સંજોગોમાં સભાસદોનો વિશ્વાસ જાળવી રાખવો જરૂરી છે.લીગલ ચેનલમાં રહી ધિરાણ થાય તો કયાંય તરલતા આવતી નથી અને જો આવે તો ,લીગલી પ્રશ્નો સર્જાય છે,તેથી સહકારી ખાતાની જોગવાઈઓ મુજબ અનુપાલન કરવું જોઈએ.

ગુજરાત રાજ્ય સહકારી સંઘના એક્ઝિક્યુટિવ ઓફિસર ડો.રાજેન્દ્ર ત્રિવેદીએ આ પ્રસંગે જણાવ્યુ હતું કે ફેડરેશનના દૂરંદર્શી ચેરમેનશ્રી ઘનશ્યામભાઈ એચ.અમીન એક પ્રતિભાશાળી વ્યક્તિત્વ છે અને સહકારી કાયદાઓનો તથા સહકારી સંસ્થાઓના નેતૃત્વનો બહોળો અનુભવ ધરાવે છે.અને તેમણે સરકારશ્રી સમક્ષ વારંવાર રજૂઆતો કરીને સ્ટેમ્પ ડ્યુટીમાં રાહત અપાવી છે.

ફેડરેશનના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર શ્રી દુષ્યંતસિંહ સી.વાઘેલાએ ગત વાર્ષિક સાધારણ સભાની કાર્યવાહી વંચાણે લઈ વાર્ષિક હિસાબો રજુ કરતાં સૌ સભાસદોએ મંજૂર કર્યા હતાં. સભામાં ફેડરેશનના ચેરમેનશ્રી ઘનશ્યામભાઈ એચ.અમીન દેશાની સેકન્ડ લાર્જેસ્ટ કોસમોસ કો-ઓપ.બેંકના બોર્ડ ઓફ મેનેજમેન્ટના ચેરમેન થવા બદલ તથા શ્રી પાટીદાર પરિવારા ટ્રસ્ટ(લવ-કુશ) દ્વારા એવોર્ડથી સન્માનિત કરાતાં ફેડરેશનના વાઈસ ચેરમેનશ્રી મહેશભાઈ એ.પટેલ દ્વારા બહુમાન કરવામાં આવ્યું હતું તેમજ ફેડરેશનના વાઈસ ચેરમેનશ્રી ડો.જીવરાજભાઈ ગોધાણી સુરત જિલ્લા અર્બન ક્રેડિટ ફેડરેશનમાં સતત ત્રીજી ટર્મ માટે ચૂંટાતા ચેરમેનશ્રી ઘનશ્યામભાઈ અમીન દ્વારા બહુમાન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં નિવૃત્ત જોઈન્ટ રજિસ્ટ્રાર,સહકારી મંડળીઓશ્રી જે.જે.શાહે વિવિધ પરિપત્રોની સમજ આપવામાં આવી હતી જ્યારે ગુજરાત રાજ્ય સહકારી સંઘના પૂર્વ માહિતી અધિકારી શ્રી સી.જે.દવેએ સી.આર.એમ.એટલે કે કસ્ટમર રીલેશન મેનેજમેન્ટ વિશે વિગતવાર માહિતી આપી હતી.

સ્વાગત પ્રવચન ફેડરેશનના વાઈસ ચેરમેનશ્રી મહેશભાઈ એ.પટેલ તથા આભારવિધિ ફેડરેશનના ડિરેક્ટર્સશ્રી ગોપાલભાઈ ધાનકાએ કરી હતી. સંચાલન રાજ્ય સહકારી સંઘના પૂર્વ માહિતી અધિકારી શ્રી સી.જે.દવેએ કર્યું હતું. બહોળી સંખ્યામાં સભાસદોની હાજરીમાં હર ઘર તિરંગાની સરકારની ઘોષણા મુજબ આવેલ તમામ સભાસદોને પોતાની ઓફિસ, મકાન અને બ્રાન્ચ ઉપર તિરંગો લહેરાવવા માટે અપીલ કરવામાં આવી હતી અને આવેલ સૌ સભાસદોને તિરંગા અને મિલેટ્સની કિટ્સનું વિતરણ કરવામાં આવ્યું હતું.

ગુજરાતમાં સખીમંડળની.... પાના નંબર : 1નું અનુસંધાન

આવ્યું હતું અને ત્યારબાદ પૂણેમાં મેં પરીક્ષા આપી હતી. પરીક્ષામાં ડ્રોનના ઉડ્ડયન તેમજ ડીજીસીએના નિયમો અંગેના પ્રશ્નો અમને પૂછવામાં આવ્યા હતા. ત્યાંથી તાલીમ લીધા બાદ મેં બનાસકાંઠામાં ડ્રોનથી જંતુનાશક દવાઓનો છંટકાવ કરવાનું શરૂ કર્યું અને અત્યારે મારી પાસે કામ ખૂટતું જ નથી.

આશાબેનને મિડિયમ સાઈઝનો ડ્રોન, તેને ફિલ્ડમાં લઈ જવા માટે ઈ વ્હિકલ અને કોઈ કારણસર અમુક વિસ્તારમાં વિજળીનો સપ્લાય ન મળી રહે તો તેના માટે એક જનરેટર સેટ પણ આપવામાં આવ્યો છે.

આશાબેન એરંડા, મગફળી, પપૈયા, બાજરી અને વરિયાળી સહિતના પાકોમાં ડ્રોનની મદદથી દવાઓનો છંટકાવ કરી ચૂક્યા છે. તેમના જણાવ્યા પ્રમાણે, માત્ર છ મહિનામાં જ તેમને આ કામ દ્વારા એક લાખથી વધુની આવક થઈ છે. ડ્રોનની મદદથી જંતુનાશક દવાઓના છંટકાવ અંગેના ફાયદા વિશે આશાબેન જણાવે છે, 'ડ્રોનથી છંટકાવ વ્યવસ્થિત થાય છે અને સમય અને પૈસા બન્નેની બચત થાય છે. તેમાં દવા અને પાણી બન્નેનું પ્રમાણ ઓછું રહે છે, પણ છંટકાવ યોગ્ય થાય છે.

# રસાયણ મુક્ત ઘઉંનું ઉત્પાદન કરતો અમરેલીનો ખેડૂત

અમરેલી : અમરેલીના જેશીંગપરામા રહેતા ખેડૂત ઘનશ્યામભાઈ ત્રાપસીયા પ્રાકૃતિક ખેતી કરી કૃષિ પેદાશ મેળવે છે. તેમણે ઉત્પાદિત કરેલા ઘઉંમાં એકપણ પ્રકારના ઝેરી તત્વ જોવા ન મળતા ઘઉંનો રૂપિયા 900નો પ્રતિ મણનો ભાવ મળ્યો હતો. તેઓ ખેતીમાં ખાતર કે જંતુનાશક દવાનો છંટકાવ કરતા નથી.

ઘનશ્યામભાઈ ત્રાપસીયાએ ગુજરાત ઓર્ગેનિક પ્રોડકટ સર્ટિફિકેશન એજન્સીનું પ્રમાણપત્ર મેળવ્યું છે. આત્મા પ્રોજેકટના સહયોગથી જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીની ફુડ ટેસ્ટીંગ લેબોરેટરીમા તેમણે પોતે ઉત્પાદિત કરેલા ઘઉંનું પૃથ્થકરણ કરાવ્યું હતું. સામાન્ય રીતે ઘઉંમાં જોવા મળતા 228 ઝેરી તત્વોમાંથી એકપણ ઝેરી તત્વ આ ઘઉંમાં જોવા મળ્યું ન હતુ. જેથી ઘરે બેઠા તેમણે પ્રતિ મણ રૂપિયા 900ના ભાવે ઘઉં વેચ્યા હતા. સાડા પાંચ વિઘા જમીનમાં પ્રાકૃતિક ખેતી કરતા ઘનશ્યામભાઈ હવે પોતાના ઉત્પાદનનું પેકીંગ કરી વેચાણ કરવાનું આયોજન કરી રહ્યાં છે. કેન્સર, ડાયાબીટીસ અને અન્ય રોગોએ ભરડો લીધો છે. ત્યારે નિરોગી રહેવા પ્રાકૃતિક ખેતી આવશ્યક છે.

ઘનશ્યામભાઈએ જે સંસ્થાનું સર્ટિફિકેટ મેળવ્યું છે તે પ્રમાણપત્ર ભારે જહેમત બાદ મળે છે. એક ખાસ ટીમ ફાર્મની વિઝીટ કરી ગઈ હતી અને નિયત માપદંડની ખરાઈ કર્યા બાદ આ સર્ટિફિકેટ મળ્યું હતું. તેઓ ઘઉ ઉપરાંત ચણા સહિતના વિવિધ કઠોળ અને મગફળીની પ્રાકૃતિક ખેતી કરે છે. આ વર્ષે ખરીફ પાકમાં કપાસના પાકનું વાવેતર કર્યુ છે.

# ઈફ્કો 201 નેનો મોડલ ગામો બનાવશે

નવી દિલ્હી : ખાતર બનાવતી અગ્રણી કંપની ઈફ્કો આગામી ખરીફ સિઝનમાં 201, નેનો મોડલ વિલેજ' વિકસાવવા માટે આશરે રૂ. 80 કરોડ ખર્ચવાનું આયોજન કરી રહી છે. આ પ્રકારનો આ પ્રથમ પ્રયાસ છે.ઈફ્કો આ મોડેલ ગામો અથવા ક્લસ્ટરોના ખેડૂતોને નેનો યુરિયા અથવ DAP જેવા નેનો ઉત્પાદનો અપનાવવા માટે પ્રોત્સાહિત કરશે. સુત્રોએ જણાવ્યું કે આ પહેલ હેઠળ 21 રાજ્યોમાં 201 તેનો મોડલ ગામો અથવા ક્લસ્ટરોની ઓળખ કરવામાં આવી છે.

નેશનલ બેંક ફોર.... પાના નંબર : 1નું અનુસંધાન

ઈન્સ્ટિટ્યૂટ ઓફ રૂરલ ડેવલોપમેન્ટ, (બર્ડ)નું પ્રતિનિધિ મંડળ તા. 22-07-2024થી તા. 27-07-2024 દરમિયાન આવ્યું હતું. જેમાં બર્ડના સી પેક ઇન્ચાર્જ, શ્રી નિખિલ કુમાર, એનસીયુઆઈના ડેપ્યુટી ડાયરેક્ટરશ્રી અનંત દુબે, નાબાર્ડના એડિશનલ જનરલ મેનેજર, શ્રી અમિત કુમાર અને બર્ડના કો-ઓપરેટિવ ડેવલોપમેન્ટ ઓફિસર શ્રીમતી નિધિ તિવારી એમ ચાર સભ્યો હતાં.

ગુજરાત રાજ્ય સહકારી સંઘના અધ્યક્ષશ્રી ઘનશ્યામભાઈ અમીને તેમને પુષ્પગુચ્છ, મોમેન્ટો અને શાલ ઓઢાડી આવકારી ગુજરાત રાજ્ય સહકારી સંઘ અને ગુજરાતની સહકારી કામગીરી વિષે માહિતી આપી હતી. ગુજરાતની સહકારી પ્રવૃત્તિની આંકડાકીય માહિતીની જાણકારીથી પ્રભાવિત થયા હતા.

રાજ્ય સહકારી સંઘને તેની સ્થાપના કાળ બાદ પહેલી વાર નેશનલ બેંક ફોર એગ્રીકલ્ચર એન્ડ રૂરલ ડેવલપમેન્ટ (નાબાર્ડ) દ્વારા નવેમ્બર 1984માં ISO 9001:2015 BIRDની સ્થાપિત વ્યાપારી બેંકો, પ્રાદેશિક ગ્રામીણ બેંકો, સહકારી બેન્કો અને ગ્રામીણ વિકાસને લગતી કામ કરતી સંસ્થાઓની ક્ષમતા નિર્માણ અને જરૂરિયાતોને પહોંચી વળવા અંગે યોજાતા તાલીમ વર્ગો કરવાનું જો એક્રેડિટેશન મળે તો ગુજરાતની બેન્કિંગ અને ક્રેડિટ સેક્ટરની મંડળોની પણ અસરકારક તાલીમ આપી શકાય. એટલે કે પ્રમાણિત માસ્ટર ટ્રેનર્સ તરીકે ગુજરાત રાજ્ય સહકારી સંઘ પણ કામ કરી શકે.

દેશના અર્થતંત્રમાં સહકારી પ્રવૃત્તિ અગત્યનો ભાગ રહેલો છે. ગામડાંઓમાં ફુલીફાલેલી સહકારી મંડળીઓ ગ્રામોત્થાનમાં મહત્વનો ભાગ અદા કરી રહી છે. ગામડાની કૃષિ સહકારી મંડળીઓને નાબાર્ડ (નેશનલ બેંક ફોર એગ્રીકલ્ચર એન્ડ રૂરલ ડેવલપમેન્ટ) દ્વારા ખેતી માટે ધિરાણ પૂરું પાડવામાં આવે છે.

નાબાર્ડ પુરસ્કૃત બીજી શાખા એટલે બર્ડ, લખનૌ જે વ્યાપારી બેંકો, પ્રાદેશિક ગ્રામીણ બેંકો, સહકારી બેન્કો અને ગ્રામીણ વિકાસને લગતી કામ કરતી સંસ્થાઓની ક્ષમતા નિર્માણ અને જરૂરિયાતોને લગતી તાલીમની કામગીરી કરે છે. તાજેતરમાં જ રાજ્ય સહકારી સંઘને તેની ટ્રનિંગની મંજૂરી BIRD લખનૌ દ્વારા આપવામાં આવશે. તેનો તમામ યશ સંઘના ચેરમેન માનનીયશ્રી ઘનશ્યામભાઈ અમીનને જાય છે.

# વડોદરા જિલ્લા સહકારી સંઘ દ્વારા યોજિત યુવા સહકારી શિક્ષણ વર્ગ



પાદરા : ગુજરાત રાજ્ય સહકારી સંઘ, અમદાવાદની સહકારી શિક્ષણ, તાલીમ અને પ્રચારની કામગીરી અન્વયે વડોદરા જિલ્લા સહકારી સંઘ દ્વારા શ્રી જાનકી વલ્લભ આર્ટ્સ એન્ડ શ્રી એમ.સી.પટેલ કોર્મસ કોલેજ, મુ.પો. મુવાલ, તા.પાદરા, જિ.વડોદરામાં તારીખ 22/07/2024 થી 27/07/2024 સુધી યુવક સહકારી શિક્ષણ વર્ગનું આયોજન કરવામાં આવ્યું હતું અને વર્ગનાં અંતિમદિને પૂર્ણાહુતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં ડૉ. ઈન્દીરાબેન વાળા - ઇ.પ્રિન્સિપાલશ્રી, અતિથિ વિશેષ શ્રી પ્રવીણભાઇ પટેલ-પ્રમુખશ્રી વડોદરા જિલ્લા સહકારી સંઘ, શ્રીમતી ગીતાબેન રાઠવા, શ્રી નરેન્દ્રભાઇ ડાભી, શ્રીમતી પારૂલબેન સોલંકી- ફેકલ્ટી મેમ્બર્સ, ઓફિસ સ્ટાફગણ અને વિધાર્થીઓ હાજર રહ્યાં હતા.

કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાગાનથી કરવામાં આવી હતી. આમંત્રિત મહેમાનોનું શાબ્દિક સ્વાગત શ્રીમતી પારૂલબેન સોલંકીએ કર્યુ હતું. વર્ગ સંચાલક શ્રી શિરીષ પટેલે પ્રાસંગિક પ્રવચનમાં યુવક સહકારી શિક્ષણ વર્ગની ટુંકમાં માહિતી આપી હતી.

શ્રી પ્રવીણભાઇ પટેલે જણાવ્યું કે સહકારી પ્રવૃત્તિ સમાજના આર્થિક અને સામાજિક વિકાસનું શ્રેષ્ઠ માધ્યમ છે. વધુમાં તેઓએ જિલ્લા સહકારી સંઘની કામગીરીની માહિતી આપી હતી અને ભવિષ્યમાં સહકારી મંડળીની રચના કરવા તેમજ તે અંગે જિલ્લા સહકારી સંઘનો સંપર્ક કરી પુરતો સહકાર આપવાની ખાત્રી આપી હતી.

શ્રીમતી ઈન્દીરાબેન વાળાએ શ્વેતક્રાંતિના પ્રણેતા ડૉ. વર્ગીસ કુરીયનની કામગીરીને બિરદાવી અમૂલ પેર્ટનની માહિતી આપી હતી અને ગ્રામ્ય વિસ્તારોમાં આવેલ વિવિધ સહકારી મંડળીઓમાં યુવકોને સહકારી વહીવટી વ્યવસ્થામાં ભાગીદારી વધારી સહકારી ભાવના જાળવવા અને કેળવવા પર ભાર મુકયો હતો.

કાર્યક્રમમાં હાજર વિધાર્થીઓમાં તરૂણબેન વાઘેલા અને અજય પરમારે પોતાના અભિપ્રાયમાં યુવક સહકારી શિક્ષણવર્ગથી સંતોષની લાગણી વ્યક્ત કરી હતી. સમ્રગ પ્રોગ્રામનું સંચાલન કોલેજનાં ફેકલ્ટી મેમ્બર શ્રીમતી ગીતાબેન રાઠવાએ કર્યુ હતું. શ્રી નરેન્દ્રભાઇ ડાભીએ આભારવિધિ કરી હતી.

# ડિપ્લોમા ઈન કો-ઓપરેટિવ મેનેજમેન્ટ બેઝિક કોર્સ સત્રાંત પરીક્ષાનો કાર્યક્રમ

કેન્દ્ર : કામરેજ ચાર રસ્તા (જિ.સુરત), નડિયાદ (જિ.ખેડા), મહેસાણા, નારી (જિ.ભાવનગર), રાજકોટ અને અમદાવાદ

સત્રાંત લેખિત પરીક્ષા : તા.31/8/2024 થી તા.5/9/2024

સત્રાંત મૌખિક પરીક્ષા : તા.6/9/2024

| અં. નં. | તારીખ | વાર | વિષય | સમય | ગુણ |
|---|---|---|---|---|---|
| 1. | 31/8/2024 | શનિવાર | સહકાર | 11.00 થી 14.00 | 80 |
| 2. | 31/8/2024 | શનિવાર | ધંધાકીય વિકાસ, આયોજન (બી.ડી.પી.) | 15.30 થી 17.00 | 40 |
| 3. | 2/9/2024 | સોમવાર | નાણાકીય હિસાબો અને ઓડિટ | 11.00 થી 14,00 | 80 |
| 4. | 2/9/2024 | સોમવાર | કોમ્પ્યુટર સંચાલકીય પાંસાઓ | 15.30 થી 17.00 | 40 |
| 5. | 3\|9\|2024 | મંગળવાર | સહકારી સંચાલન- વ્યવસ્થાપન | 11.00 થી 14.00 | 80 |
| 6. | 4\|9\|2024 | બુધવાર | સહકારી મંડળીઓના કાયદાકીય પાંસાઓ | 11.00 થી 14.00 | 80 |
| 7. | 5/9/2024 | ગુરૂવાર | સહકારી ધિરાણ અને બેન્કિંગ | 11.00 થી 14.00 | 80 |
| 8. | 6\|9\|2024 | શુક્રવાર | મૌખિક પરીક્ષા | 11.00 થી ------ | 50 |

નોંધ : તા.7/9/2024 ના રોજ બીજા શનિવારની અને તા.8/9/2024 ના રવિવારની રજા હોવાથી તા.6/9/2024 ને શુક્રવારના રોજ મૌખિક પરીક્ષા બાદ કેન્દ્રમાંથી તાલીમાર્થીઓને છુટા કરવા.

(ડૉ.રાજેન્દ્ર સી.ત્રિવેદી)
એક્ઝિક્યુટિવ ઓફિસર

# શ્રી સર્વોદય ક્રેડિટ કો-ઓપ. સોસાયટી લિ.બોટાદની પાંજરાપોળ રોડની 30મી વાર્ષિક સાધારણ સભા મળી

બોટાદ : શ્રી સર્વોદય ક્રેડિટ કો.ઓપ.સોસાયટી લિ.બોટાદની ગત તારીખ 28-7-2024 ના રોજ 30મી વાર્ષિક સાધારણ સભા વિશાળ સભાસદોની હાજરીમાં શ્રી ઈન્દ્રસિંહ એમ. રાયજાદાના અધ્યક્ષ સ્થાને યોજાઈ ગઈ.

ભારતીય સંસ્કૃતિની પરંપરા મુજબ કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના કરી ભારત માતાના પૂજન દીપ પ્રાગટ્ય શ્રી ઈન્દ્રસિંહ એમ. રાયજાદા ચેરમેનશ્રી તથા વાઈસ ચેરમેન શ્રી હસમુખભાઈ પી. દલવાડી તથા ડિરેક્ટર હસમુખભાઈ એસ.શાહ,નયનાબેન સરવૈયા, રવજીભાઈ પ્રજાપતિ,શ્રી મહાસુખભાઈ યુ.કણઝરિયા,શ્રી સવજીભાઈ યુ.શેખ તથા અન્ય ડિરેક્ટરો એ કરેલ 30મી વાર્ષિક સાધારણ સભામાં હાજર રહેલા તમામ સભાસદ ભાઈઓ તથા બહેનોનું માન આપીને આવેલ મહાનુભાવોનું શબ્દો દ્વારા સ્વાગત સોસાયટીના કમિટી સભ્ય શ્રી રવજીભાઈ વી.પ્રજાપતિ એ કરેલ.

30મી વાર્ષિક સાધારણ સભાના એજન્ડા મુજબ મુદ્દા નં.1 થી મુદાનં.7 નું તમામ વિગતવાર રજૂઆત સોસાયટીના મેનેજર શ્રી મહેન્દ્રભાઈ એન. પરમારે રજુ કરેલ જેને સાધારણ સભાએ સર્વાનુમતે બહાલી આપવામાં આવેલ ત્યારબાદ સોસાયટીના ચેરમેન શ્રી ઈન્દ્રસિંહ એમ. રાયજાદાએ

**રૂપિયા 50,000/-સુધીના ધિરાણમાં રૂપિયા 600/-સ્ટેમ્પ ડ્યુટીમાફ**



સોસાયટીની પ્રગતિ વિશે જણાવેલ જેમાં સોસાયટી પાસે કુલ સ્વ ભંડોળ 5 કરોડ 32 લાખ જેટલું થાય છે.સોસાયટીનું ધિરાણ 5 કરોડ 59 લાખ જેટલું કરેલ છે, અને હિસાબી વર્ષના અંતે 34,62,560/- નફો થયેલ છે.દર વર્ષની જેમ ચાલું વર્ષે પણ 15% મહતમ ડિવિડન્ડ આપવામાં આવેલ છે. તેમજ હિસાબી વર્ષ દરમ્યાન કુલ 37 સભાસદો સ્વર્ગસ્થ થતાં તેઓના વારસદારને કુલ રૂપિયા 2,77,500/- સહાય આપેલ છે.

આ સભામાં ડિરેક્ટર શ્રી સવજીભાઈ યુ.શેખ એ સોસાયટીની પ્રગતિ અંગે માર્ગદર્શન આપેલ અને શુભેચ્છા પાઠવેલ સંસ્થાની અવરિત પ્રગતિની વાતો કરેલ. અન્ય બોર્ડ ઓફ ડિરેક્ટર હાજર રહેલ અને મિટિંગના અંતે સોસાયટીના કમિટી સભ્યશ્રી હસમુખભાઈ એસ.શાહ એ આભાર વિધિ કરેલ.

# આત્મ વિશ્વાસ જેટલો સધ્ધર તેટલા તમે મજબૂત : શ્રી નીરૂબેન આહીર

રાજપીપળા : ભરૂચ જિલ્લા સહકારી સંઘના ઉપક્રમે નર્મદા જિલ્લાનાં નાંદોદ તાલુકાનાં રાજપીપળા મુકામે તારીખ 25-06-2024 થી તારીખ 27-06-2024 સુધીની મહિલા નેતાગીરી તાલીમ શિબિર યોજાઈ. આ શિબિરમાં તાલુકાની 35 બેહનોએ માર્ગદર્શન મેળવ્યું હતું.

મહિલા નેતાગીરી તાલીમ શિબિરની પૂર્ણાહુતી પ્રસંગે ભરૂચ જિલ્લા સહકારી સંઘની મહિલા સહકારી સમિતિનાં પ્રમુખશ્રી નીરૂબેન આહીરે જણાવ્યું હતું કે આત્મવિશ્વાસ જેટલો સધ્ધર તેટલા તમે મજબૂત. સ્ત્રીએ મહાન શક્તિ છે અને સ્ત્રી જન્મે છે ત્યારથી જ શક્તિ લઈને જન્મે છે. આજના આ સમયમાં મહિલાઓએ જો પોતાનો વિકાસ કરવો હોય તો પરિવર્તન ખૂબ જરૂરી છે અને પરિવર્તન દ્વારા જ અને સહકારી પ્રવૃત્તિ દ્વારા પોતાનો આર્થિક અને સામાજિક વિકાસ થઈ શકશે. આજનાં આ યુગમાં દરેક ક્ષેત્રમાં મહિલાઓ કામ કરતી થઈ છે તો આ કામ માટે દરેક મહિલાએ હિંમત રાખવી ખૂબ જરૂરી છે. વિવિધ પ્રવૃત્તિ સાથે જોડાવા માટે દરેકે સંતોષ, ધીરજ અને હિંમત રાખવી પડશે.

આ શિબિરની શરૂઆતમાં ધી પ્રગતિ મહિલા મંડળનાં પ્રમુખ શ્રીમતિ જ્યોતિબેન સથવારાએ પધારેલ મહેમાનોનું ફુલગુચ્છ તથા શાબ્દિક સ્વાગત કરી અને પોતાની સંસ્થાનો ચિતાર આપ્યો હતો.

શિબિરની તાલીમાર્થી બહોનોએ પોતાનો પ્રતિભાવ આપી જણાવ્યું હતું કે આવી ટ્રેઈનિંગ દ્વારા ચોક્કસ પ્રકારનું માર્ગદર્શન મળતું હોય છે.

સમગ્ર શિબિરનું સંચાલન અને અંતમાં આભારવિધિ મહિલા સી.ઈ.આઈ. શ્રીમતી મમતા એસ. પંડ્યાએ કરી હતી.

# કચ્છમાં આખો સિંગાપોર દેશ સમાય તેટલો દુનિયાનો સૌથી મોટો સોલર પાર્ક બનશે

કચ્છ : વૈકલ્પિક ઊર્જા અંગે જાગૃતિ લાવવા દર વર્ષે 10 જુલાઈએ વિશ્વ ઊર્જા સ્વતંત્રતા દિવસ મનાવાય છે. ભારત પણ વૈકલ્પિક ઊર્જા અંગે નોંધપાત્ર યોગદાન આપી રહ્યું છે. કચ્છના રણમાં ભારત- પાકિસ્તાનની સરહદ પાસે દુનિયાનો સૌથી મોટો રિન્યુએબલ એનર્જી પાર્ક બની રહ્યો છે. સૌરઊર્જાના ડ્રીમ પ્રોજેક્ટની સાથે આ પાર્ક બની રહ્યો છે. 1.50 લાખ કરોડમાં અદાણી ગ્રૂપ તેને ખાવડામાં તૈયાર કરી રહ્યું છે. તે સિંગાપોરના ક્ષેત્રફળથી મોટો પાર્ક છે.

9 કરોડ વૃક્ષથી જેટલો ફાયદો મળે છે તેટલો ફાયદો આ પાર્ક આપશે. આ પાર્ક 2026માં બની જશે. તેમાં 30 હજાર ગીગાવોટ વીજઉત્પન્ન થશે. દેશમાં વર્ષ 2023- 24 દરમિયાન 359,889 મિલિયન યુનિટ્સ રિન્યુએબલ એનર્જીનું ઉત્પાદન થયું હતું જેમાં સૌથી વધારે રાજસ્થાનમાં 13.38 ટકા જેટલું રહ્યું હતું.

આ મામલે 43 હજાર મિલિયન યુનિટ (11.96 ટકા) સાથે ગુજરાત બીજા નંબરે રહ્યું છે. રાજ્યમાં 2022-23ની તુલનામાં રિન્યુએબલ એનર્જી ઉત્પાદનમાં 20 ટકાનો વધારો નોંધાયો છે.

'સ્ટેટ ઓફ ઈન્ડિયાઝ એન્વાર્યમેન્ટ 2024' રિપોર્ટ મુજબ 2023-24માં કુલ વાહનોના રજિસ્ટ્રેશન પૈકી ઇ- વ્હીકલ રજિસ્ટ્રેશનનું સૌથી વધુ પ્રમાણ કેરળમાં 11 ટકા નોંધાયું. ગુજરાતમાં માત્ર 5 ટકા રજિસ્ટ્રેશન નોંધાયું છે અને તે યાદીમાં નવમા સ્થાને છે.

### 538 ચોરસ કિમીમાં ફેલાયેલા ખાવડા પ્રોજેક્ટની વિશેષતા :

- 30 GW: રિન્યુએબલ એનર્જીનું વાર્ષિક ઉત્પાદન થઈ શકશે.
- 8100 કરોડ યુનિટ વીજળી પેદા થશે, સમગ્ર બેલ્જિયમ, ચિલી, સ્વિટ્ઝર્લૅન્ડને વીજળી પૂરી પાડશે.
- 1.61 કરોડ ઘરોને એટલે કે પોલેન્ડ અને કેનેડાનાં ઘરોને વીજળી આપી શકે, તેટલું વીજઉત્પાદન થશે.
- 15,200: નોકરીનું સર્જન.
- 171 કરોડ:લિટર પાણીની બચત.
- 5.80 કરોડ ટન કાર્બન ઉત્સર્જન ટળશે.
- 60,300: ટન કોલસાની બચત થશે.



**9 કરોડ વૃક્ષ ઉછેરવા જેટલો લાભ મળશે, 2026માં તૈયાર થઈ જશે રાજ્યમાં વર્ષ 2023-24માં ઈ- વ્હીકલ રજિસ્ટ્રેશનનું પ્રમાણ માત્ર 5%, દેશમાં ગુજરાત નવમા સ્થાને**

### ઈ હીલનું સૌથી વધુ 11 ટકા રજિસ્ટ્રેશન કેરળમાં

'સ્ટેટ ઓફ ઈન્ડિયાઝ એન્વાર્યમેન્ટ' રિપોર્ટ મુજબ વર્ષ 2023-24માં કુલ વાહનોનાં રજિસ્ટ્રેશન પૈકી ઇ-વ્હીકલ રજિસ્ટ્રેશનમાં 11 ટકા સાથે કેરળ પહેલા નંબરે રહ્યું. બીજા નંબરે 10 ટકા સાથે આસામ અને ત્રીજા સ્થાને 9 ટકા સાથે ઉત્તરપ્રદેશ રહ્યું. 7 ટકા રજિસ્ટ્રેશન ધરાવતાં ચાર રાજ્યો છે જેમાં બિહાર, છત્તીસગઢ, ઓડિશા અને ઉત્તરાખંડનો સમાવેશ થાય છે. રાજસ્થાનમાં 6 ટકા રજિસ્ટ્રેશન નોંધાયું છે, જ્યારે ગુજરાતમાં માત્ર 5 ટકા છે.

સહકારી બેન્કોની.... પાના નંબર : 1નું અનુસંધાન

રૂ 10,000 કરોડની થાપણ ધરાવતી અને ટીયર ફોરમાં આવતી રૂ. 10,000 કરોડથી વધુની થાપણ ધરાવતી બેન્કોને લાગુ પડશે.

રિઝર્વ બેન્કના પરિપત્રમાં જણાવવામાં આવ્યું છે કે બેન્કની આર્થિક તન્દુરસ્તીને પાછી ઠેકાણે લાવી દેવા માટે યોગ્ય સમયે સમસ્યાના ઉકેલના પગલાં લેવાનું ચાલુ કરી દેવામાં આવે તે માટે દરમિયાનગીરી કરવા કે પછી બેન્કની આર્થિક તન્દુરસ્તી પર નજર રાખવા માટે પ્રોમ્પ્ટ કરેક્ટિવ એક્શનનું માળખું તૈયાર કરવામાં આવ્યું છે. પહેલી એપ્રિલ 2025થી પ્રોમ્પ્ટ કરેક્ટિવ એક્શનનું માળખું અમલમાં મૂકી દેવામાં આવશે. શહેરી સહકારી બેન્કો માટે રિઝર્વ બેન્ક દ્વારા કરવામાં આવેલી આ જોગવાઈને તમામ સહકારી બેન્કોના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર્સે આવકારી છે, કારણ કે એકવાર આ સ્થિતિમાં ફસાયા પછી સહકારી બેન્કો મોટાભાગના કિસ્સાઓમાં પોતાની મેળે બહાર આવી શકતી નથી. તેને માટે આકરાં પગલાં લેવા અનિવાર્ય બની જાય છે.

શહેરી સહકારી બેન્કો સામેના જોખમોનો ક્યાસ કાઢી લઈને તેની સામેના જોખમની કેટેગરી નક્કી કરી લીધા બાદ તેમને માટે નવી મૂડી એકઠી કરવાનું પગલું લેવામાં આવશે. તેમ જ ડિવિડંડની ચૂકવણી કરવાની કે પછી દાન આપવાની જાહેરાત કરવાની પ્રવૃત્તિ પર બ્રેક લગાવી દેવામાં આવશે. આ સ્થિતિમાં આવેલી શહેરી સહકારી બેન્કો તેમની નવી શાખાઓ પણ ખોલી શકશે નહિ. તેની સાથે સાથે નવી ડિપોઝિટ લેવા પર પણ બ્રેક લાગી જશે. આમ નબળી પડવા માંડેલી શહેરી સહકારી બેન્કોની આર્થિક સ્થિતિમાં સુધારો લાવવા માટે પ્રોમ્પ્ટ કરેક્ટિવ એક્શન લેવાનું શરૂઆત કરી દેવા પડશે. હા, આ પ્લાન રિઝર્વ બેન્ક પાસે મંજૂર કરાવવો પડશે. આ પ્લાન મંજૂર કરતી વખતે બેન્ક ટૂંકા, મધ્યમ કે લાંબા ગાળામાં વર્તમાન નબળી સ્થિતિમાંથી બહાર આવી શકશે તે નક્કી કરવામાં આવશે. ટેકનિકલ અપગ્રેડેશન માટેનો ખર્ચ પણ આ સ્થિતિમાં કરી શકશે નહિ. આ સ્થિતિમાં સહકારી બેન્કોને તેમની થાપણો-ડિપોઝિટ્સ ઘટાડવાની પણ ફરજ પાડવામાં આવશે. આ ગાળામાં બેન્કના સરવૈયા- બેલેન્સશીટના કદમાં વધારો થવા દેવામાં આવશે નહિ. ટૂંકમાં નવી ડિપોઝિટ લઈને બેન્કને માથેની નાણાં ચૂકવવાની જવાબદારી વધારવાનો મોક આપવામાં આવશે નહિ.

### કેપિટલ એડિક્વસી રેશિયો શું છે :

કેપિટલ એડિક્વસી રેશિયો દર્શાવે છે કે બેન્ક તેની આ જવાબદારીઓ અદા કરવાને કેટલી સક્ષમ છે. તેને કેપિટલ ટુ રિસ્ક વેઈટેડ એસેટ રેશિયો(કાર-ટુ સીઆરએઆર) તરીકે પણ ઓળખાવવામાં આવે છે. તેની મદદથી સહકારી બેન્કોની ગતિવિધિઓ પર નજર રાખતી રિઝર્વ બેન્ક સહકારી બેન્ક કાચી પડી જવાની કેટલી શક્યતા છે તેનો નિર્દેશ આપી શકે છે.

### સહકારી બેન્ક સામે જોખમ ક્યારે વધેલુ ગણાશે

- સીઆરએઆરની ટકાવારી માર્ચ 2024માં 10 ટકાથી ઓછી થાય, માર્ચ 2025માં 11 ટકાથી ઓછી થાય અને માર્ચ 2026માં 12 ટકાથી ઓછી થાય ત્યારે પ્રોમ્પ્ટ કરેક્ટિવ એક્શનનું માળખું લાગું કરવામાં આવશે. સીઆરએઆરના નિર્ધારિત ધિરાણ કરતાં અઢી ટકા સુધીનો, અઢીથી ચાર ટકા સુધીનો કે પછી ચાર ટકાથી વધારેનો ઘટાડો જોવા મળે તો તે પ્રમાણે સહકારી બેન્ક સામેના જોખમનો અંદાજ બાંધવામાં આવશે.
- બેન્કની નોન પરફોર્મ એસેટ્સ એટલે કે આપવામાં આવેલા ધિરાણના હપ્તા 90 દિવસ કે પછી તેનાથી વધુ સમયથી ન આવ્યા હોય તો તેને એનપીએ ગણવામાં આવે છે. આ એનપીએની ટકાવારી છ ટકા, છથી નવ ટકા કે પછી નવથી બાર ટકા અથવા તો બાર ટકાથી વધુ થઈ જાય તેવા સંજોગોમાં બેન્ક સામેના જોખમની કેટેગરી નક્કી કરવામાં આવશે. ધિરાણ થકી થતી આવક જ બેન્કનો નફો નક્કી કરે છે. બેન્કને નફો થાય તો જ તે ટકી શકે છે. આમ એનપીએ વધે તો બેન્કની નફો કરવાની અને થાપણદારોને તેમના નાણાં પરત આપવાની ક્ષમતા ઘટતી જાય છે. ટૂંકમાં બેન્કની આવક ઘટતી જાય છે. બેન્કની એનપીએ વધે તેમ તેમ બેન્ક સામેનું જોખમ વધતું જાય છે. બેન્કની નવું ધિરાણ આપવાની ક્ષમતા પણ ઓછી થઈ જાય છે. ધિરાણના હપ્તા બાર મહિના સુધી ન આવે તો તે પૈસા પાછા આવશે કે કેમ તે જ શંકાસ્પદ બની જાય છે.
- છેલ્લા બે નાણાકીય વર્ષથી ખોટ કરતી શહેરી સહકારી બેન્કો માટે સુપરવાઈઝરી એક્શન ફ્રેમવર્ક- દેખરેખ રાખીને પગલાં લેવાનું માળખું તૈયાર કરવાનું જણાવવામાં આવેલું છે. આ જોગવાઈને પણ નવા પરિપત્રમાં સામેલ કરવામાં આવી છે.

### નબળી પડેલી બેન્કને વિલિનીકરણનો વિકલ્પ મળશે :

આ નબળાઈમાંથી બહાર આવવા માટે રિઝર્વ બેન્કે મંજૂર કરેલા પ્રોમ્પ્ટ કરેક્ટિવ એક્શન પ્લાનની અસર હેઠળ બેન્ક પાછી બેઠી થતી હોવાનું ન જણાય તો તેવા સંજોગોમાં બેન્કને વિલિનીકરણનો વિકલ્પ મળશે. બેન્ક અન્ય શહેરી સહકારી બેન્કમાં વિલીન થઈ જવાના વિકલ્પનો આશરો લઈ શકશે. આ વિલીનીકરણ માટેની દરખાસ્તને બેન્કના બોર્ડે મંજૂર કરેલી હોવી જરૂરી છે. આમ વિલિનીકરણનો વિકલ્પ યોગ્ય ન લાગે તેવા કિસ્સાઓમાં બેન્કને ક્રેડિટ સોસાયટી તરીકે સક્રિય રહેવાનો વિકલ્પ આપવામાં આવશે.

પ્રાકૃતિક ખેતીથી.... પાના નંબર : 4નું અનુસંધાન

હતી. પરંતુ જ્યારેથી પ્રાકૃતિક ખેતી શરૂ કરી છે. ત્યારે ઓછા ખર્ચે વધુ આવક થઇ છે. જેમાં એક વર્ષમાં માત્ર 5 થી 7 હજાર રૂપિયાનો ખર્ચે થાય છે. જ્યારે તેની સામે ઉત્પાદન રૂા.1 લાખથી વધુનું ઉત્પાદન મળે છે. પ્રાકૃતિક ખેતી થકી તૈયાર થયેલા અનાજ, કઠોળ, બાજરીનું વેચાણ તેમના ભાવે ઘરેથી લોકો ખરીદી જાય છે. લોકોને પણ રાસાયણિક મુક્ત અનાજ, કઠોળ સહિતની વસ્તુઓ મળે છે.

ગાય આધારિત પ્રાકૃતિક ખેતી કરવાની સાથે ગૌ આધારિત વસ્તુઓ બનાવીને તેનું વેચાણ કરવામાં આવે છે. જેમાં ગાયના ગોબરમાંથી દીવડા, ધૂપ, સાબુ, દંતમંજન, ફેસપેક સહિતની વસ્તુઓ બનાવી તેનું બજારમાં વેચાણ કરી સારી એવી આવક મેળવી રહ્યા છે. તેઓ ગો આધારિત પ્રોડક્ટનું અન્ય લોકો અને સખી મંડળની બહેનોને માર્ગદર્શન પણ આપી રહ્યાં છે.

# સહકારી બેંકોમાં ચેરમેન-ફૂલટાઈમ સિવાયના ડારેક્ટરોની નિમણૂંક 10 વર્ષ માટે કરવા પ્રસ્તાવ

નવી દિલ્હી : બેંકો-નાણાં સંસ્થાઓમાં કરોડો-અબજો રૂપિયાનું કોઇ દાવેદાર નથી જ્યારે આ પ્રકારના કિસ્સા રોકવા માટે કેન્દ્ર સરકારે બચત-- ડિપોઝિટ ખાતાઓમાં ચાર નોમિનીની નિયુક્તિ કરવાની છુટ્ટ આપવાનો નિર્ણય લીધો છે. કેન્દ્રીય કેબિનેટે બેંકિંગ કાયદામાં અર્ધો ડઝન જેટલા સુધારા કરતી દરખાસ્તને લીલીઝંડી આપી હતી. બેંક ગ્રાહકોની તકલીફ ઘટાડવાનો મુખ્ય આશય હોવાનો દાવો કરવામાં આવ્યો છે.

પ્રવર્તમાન બેંકિંગ નિયમો હેઠળ બચત ખાતા તથા ફિક્સ્ડ ડિપોઝિટમાં એક નોમિની રાખવાની જ છુટ્ટ છે તે વધારીને ચાર સુધીની છુટ્ટ આપવાની દરખાસ્ત કરવામાં આવી છે. આ સિવાય વીમા તથા હિન્દુ અવિભાજ્ય પરિવાર (એચયુએફ) ખાતાઓમાં મૂળ ખાતા ધારકનું અવસાન થવાના સંજોગોમાં સંયુક્ત ખાતા ધારક તથા તેના વારસોને ક્રમબધ્ધ રીતે નાણાં ઉપાડવાની છુટ્ટ અપાશે. આ જ રીતે પબ્લિક પ્રોવિડન્ટ ફંડ (પીપીએફ)માં પણ વધુ નોમિની રાખી શકાશે.

સૂત્રોના કહેવા પ્રમાણે કેન્દ્રીય નાણાંમંત્રી નિર્મલા સિતારામને સુધારેલા વિધેયકને રજૂ કરીને પસાર કરાવે ત્યારબાદ વિસ્તૃત જોગવાઇઓ સ્પષ્ટ થશે.

બેંકો-નાણાં સંસ્થાઓમાં દાવા વિનાની અબજો રૂપિયાની રકમ વિશે કેન્દ્રીય નાણાં મંત્રીએ થોડા મહિના પૂર્વે ચિંતા દર્શાવી હતી. બેંકો મ્યુચ્યુઅલ ફંડો તથા નાણાં સંસ્થાઓના સંચાલકોને એવી સુચના આપી હતી કે નાણાંના હક્કદારોની શોધખોળ કરીને તેઓને રકમ પરત કરવામાં આવે. માર્ચ-2024ની સ્થિતિએ બેંકો-નાણાં સંસ્થાઓમાં દાવા વગરની રકમનો આંકડો 78000 કરોડને આંબી ગયો હતો. બેંકોએ આવી રકમ પરત કરવા માટે અભિયાન ચલાવ્યું હોવા છતાં દાવા વિનાના નાણાંનો આંકડો વધતો જ રહ્યો હતો.

આ સિવાય ડિવિડન્ડ તથા બોન્ડના નાણાંનું કોઇ દાવેદાર ન થાય તો તે ઇન્વેસ્ટર એજ્યુકેશન પ્રોટેકશન ફંડમાં ટ્રાન્સફર કરવાની દરખાસ્ત થઇ છે. પ્રવર્તમાન નિયમ હેઠળ માત્ર બેંકોના શેરો જ તેમાં ટ્રાન્સફર થાય છે.

ઓડિટરોને મહેનતાણું નક્કી કરવા માટે બેંકોને વધુ સ્વતંત્રતા આપવાની પણ દરખાસ્ત કરવામાં આવી છે.

આ ઉપરાંત બે કરોડ સુધીનું હોલ્ડીંગ ધરાવતા શેર હોલ્ડરોને 'ખાસ' ગણવાની દરખાસ્ત છે. અત્યાર સુધી 60 વર્ષ પૂર્વે નિયત કરાયેલી પાંચ લાખની જોગવાઇ અમલમાં છે.

નિયમનકારી કાર્યવાહી માટે બેંકો માટે નિયત સમય-તારીખમાં બદલાવ કરવાનું પણ સૂચવાયું છે. હાલ દર માસના બીજા અને ચોથા શુક્રવારે રીપોર્ટ આપવાની જોગવાઇ છે તે દર મહિનાની 15મી તારીખ તથા મહિનાનો અંતિમ દિવસ કરાશે.

આ ઉપરાંત સહકારી બેંક સંબંધી નિયમોના મામલે પણ મહત્વની દરખાસ્ત છે જે અંતર્ગત સહકારી બેંકો ચેરમેન અને ફૂલ ટાઇમ સિવાયના ડાયરેકટરોની નિમણૂંક 10 વર્ષના સમય માટે કરી શકશે.

### બેંકોમાં બચત-FD ખાતાઓમાં 4 નોમિની નિમવા છુટ્ટ અપાશે

# દેશમાં 1.84 કરોડ MSME મહિલાઓ દ્વારા સંચાલિત

નવી દિલ્હી : દેશમાં મહિલાઓ દ્વારા સંચાલિત MSMEની સંખ્યા 1.84 કરોડ છે તેમજ સરકાર આ સેક્ટરમાં મહિલાઓની ભાગીદારીને વધારવા માટે અનેક પહેલ કરી રહી છે તેવું MSME સેક્ટરના કેન્દ્રીય મંત્રી જિતન રામ માંજીએ જણાવ્યું હતું.

દેશમાં ગત 1 જુલાઇ, 2020ના રોજ ઉદ્યમની રજૂઆત તેમજ 11 જાન્યુઆરી, 2023ના રોજ UAPના લોન્ચિંગ બાદથી ઉદ્યમ અને ઉદ્યમ આસિસ્ટ પ્લેટફોર્મ પર મહિલાઓ દ્વારા સંચાલિત MSMEની ટકાવારી 39% છે. દેશમાં મહિલાઓ દ્વારા સંચાલિત MSMEની સંખ્યા 1,84,59,809 છે. શ્રી માંજીએ જણાવ્યું હતું કે સરકારે MSMEમાં મહિલા ભાગીદારી વધારવા માટે પબ્લિક પ્રોક્યુરમેન્ટ પોલિસીમાં સુધારો કર્યો છે. કેન્દ્રીય સરકારે મંત્રાલયો અને વિભાગોને માટે એ ફરજિયાત બનાવ્યું છે કે મહિલા સાહસિકોને લાભ મળે તે માટે તેમની વાર્ષિક પ્રાપ્તિના ઓછામાં ઓછા ત્રણ ટકા મહિલા સાહસિકો પાસેથી મેળવવાની બાંયધરી સુનિશ્ચિત કરવામાં આવે.



### હાઉ અર્બન ઈન્ડિયા પે સરવે, યુપીઆઇ ટોચે

# દેશની 90% ઓનલાઇન ખરીદી માટે ડિજિટલની તરફેણમાં

અમદાવાદ : કેશલેસ ઇકોનોમી તરફ ભારતની ઝડપી ગતિને ઉજાગર કરી રહ્યું છે. ડિજિટલ પેમેન્ટ્સમાં યુપીઆઇ ટોચના સ્થાને છે, 53 ટકા ગ્રાહકો ઓનલાઈન ખરીદી માટે યુપીઆઈનો ઉપયોગ કરવાનું પસંદ કરે છે, 30 ટકા ગ્રાહકો ડિજિટલ વોલેટ્સ અને કાર્ડ્સ (ક્રેડિટ, ડેબિટ અને પ્રિપેડ) નો ઉપયોગ કરે છે.

ઑફલાઈન ખરીદીમાં, રોકડ હજુ પણ સર્વોચ્ચ શાસન કરે છે, જેમાં 25 ટકા ગ્રાહકો યુપીઆઈને પસંદ કરે છે અને 20 ટકા ડિજિટલ વોલેટ્સ અને કાર્ડ દ્વારા ચૂકવણી કરે છે આ નિર્દેશ કીર્ની ઇન્ડિયા અને એમેઝોન પે ઈન્ડિયાએ 120 શહેરો અને 6,000માં હાઉ અર્બન ઈન્ડિયા પેઈસ અહેવાલ બહાર પાડ્યો છે. આ અભ્યાસ, 1000 થી વધુ ગ્રાહકોના આધારે અને 1000 વેપારીઓ, 90 ટકા ઉત્તરદાતાઓ ઓનલાઈન ખરીદી માટે ડિજિટલ ચૂકવણીની તરફેણ કરે




છે, જ્યારે અડધા (50 ટકા) ડિજિટલ ચૂકવણી માટે ફિઝિકલ ચુકવણીની તરફેણ કરે છે તેમના 69 ટકા ટ્રાન્ઝેક્શન ડિજિટલ ચેનલો દ્વારા થઈ રહ્યા છે સાથે ઝડપથી ડિજિટલ પેમેન્ટ અપનાવવામાં આવ્યું છે.

ડિજિટલ પેમેન્ટ ક્રાંતિનું નેતૃત્વ ભારતના મિલેનિયલ્સ (25થી 43 વર્ષની વયના) અને જનરલ એક્સ (44થી 59 વર્ષની વયના) દ્વારા કરવામાં આવી રહ્યું છે. જો કે, આ ચળવળ એ વય અવરોધો પાર કર્યા છે, કારણ કે બૂમર્સ (60 અને તેથી વધુ વયના લોકો) પણ વધુને વધુ કાર્ડ અને ડિજિટલ વોલેટ અપનાવી રહ્યા છે. નોંધનીય રીતે, ડિજિટલ પેમેન્ટ અપનાવવામાં સંપૂર્ણ જેન્ડર સમાનતા હોવાનું જણાય છે, જેમાં પુરુષો અને સ્ત્રીઓ બંને 70 ટકાથી વધુ વ્યવહારોમાં ડિજિટલ પેમેન્ટને પસંદ કરે છે.

# પ્રાકૃતિક ખેતીથી રૂ. સાત હજારના ખર્ચ સામે રૂ. એક લાખનું ઉત્પાદન

લોઢવા : ગીર સોમનાથ જિલ્લાના ખેડૂતો હવે ગાય આધારિત પ્રાકૃતિક ખેતી કરી મબલક આવક મેળવી રહ્યા છે. જેમાં સૂત્રાપાડા તાલુકાના લોઢવા ગામના ખેડૂત જાદવભાઇ ભોળા છેલ્લા પાંચ વર્ષથી ગાય આધારિત પ્રાકૃતિક ખેતી કરી પોતાની જમીનમાં મગફળી, બાજરી, કઠોળ સહિતના પાકોનું વાવેતર કરી સારી એવી આવક મેળવી રહ્યા છે. સાથો સાથ ગૌ આધારિત પ્રોડક્ટ બનાવી તેનું બજારમાં વેચાણ કરી લાખો રૂપિયા કમાઇ રહ્યા છે.

જાદવભાઇ રામભાઇ ભોળાએ જણાવ્યું હતું કે, પાંચ વર્ષ પહેલા બે એકર જમીનમાં ગાય આધારિત પ્રાકૃતિક ખેતી શરૂ કરી હતી. પ્રાકૃતિક ખેતી કરતા થયાને પાંચ વર્ષ થઇ ગયા છે. પ્રાકૃતિક અનાજ, કઠોળ અને ગો આધારિત વસ્તુઓ બનાવી તેનું બજારમાં વેચાણ કરી લાખો રૂપિયાની આવક મેળવે છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ગાય આધારિત પ્રાકૃતિક ખેતીમાં ઓછા ખર્ચે વધુ આવક મળે છે. કારણ કે, હું જ્યારે રાસાયણિક ખેતી કરતો હતો. ત્યારે એક વર્ષમાં રૂપિયા 35 થી 40 હજારનો ખર્ચ થતો હતો અને તેની સામે આવક રૂ.90 હજારની થતી

અનુસંધાન પાના નંબર : 3

# કૃષિ નિકાસ ક્લસ્ટર પર 18,000 કરોડ રૂપિયાનું રોકાણ કરાશે

નવી દિલ્હી : કેન્દ્ર સરકાર કૃષિ માટે 100 નિકાસ ક્લસ્ટર બનાવવા માટે 18,000 કરોડ રૂપિયાનું રોકાણ કરશે. કઠોળ ઉત્પાદનના ક્ષેત્રમાં આત્મનિર્ભરતા હાંસલ કરવા માટે સરકારે રૂ. 6,800 કરોડના રોકાણ સાથે કઠોળ મિશનની યોજના બનાવી છે.

આબોહવાને અનુરૂપ કૃષિ વ્યવસ્થા બનાવવામાં આવી રહી છે. સરકાર દેશભરમાં 50,000 આબોહવા સ્થિતિસ્થાપક ગામોનો ઝડપથી વિકાસ કરી રહી છે. આ ઉપરાંત બીજની 1,500 નવી જાતો પણ વિકસાવવામાં આવી રહી છે તેમ સંસદમાં કૃષિ પ્રધાન શિવરાજ સિંહ ચૌહાણે કહ્યું હતું. કૃષિ મંત્રાલય જટીલ મુદ્દાઓના ઉકેલ માટે ખેડૂતો અને ખેડૂત સંગઠનો સહિત દરેક સાથે વાત કરશે.

## ગુજરાત રાજ્ય સહકારી સંઘ

"સહયોગ" (તિલક) રિલીફ રોડ, અમદાવાદ - ૩૮૦ ૦૦૧.
ફોન : ૨૫૩૫૨૨૨૦, ફેક્સ (૦૭૯) ૨૫૩૫૧૩૬૦
Website : www.gscu.in • E-mail : gscu@rediffmail.com

# સને 2023-2024 ના વર્ષમાં ઉત્કૃષ્ટ/સારૂં કામ કરનાર તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘો માટે શિલ્ડ અને પ્રમાણપત્ર એનાયત બાબત

પરિપત્ર નં./ 7 /2024-25 તા.05/08/2024

પરિપત્ર

**વિષય:- સને 2023-2024 ના વર્ષમાં ઉત્કૃષ્ટ/સારૂં કામ કરનાર તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘો માટે શિલ્ડ અને પ્રમાણપત્ર એનાયત બાબત.**

ગુજરાત રાજ્ય સહકારી સંઘની શિલ્ડ સમિતિની તા.30/10/2023 ના રોજ મળેલ સભાએ સને 2023-2024 ના વર્ષમાં સૌથી વધુ શ્રેષ્ઠ કાર્ય કરનાર તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘો માટે શિલ્ડ અને પ્રમાણપત્ર આપવાની હરીફાઈ સને 2024-2025 ના વર્ષમાં યોજવાનું ઠરાવવામાં આવેલ છે, તે અનુસાર દરેક જિલ્લામાંથી નીચેની વિગતે શિલ્ડ અને પ્રમાણપત્ર આપવામાં આવશે.

- દરેક જિલ્લામાંથી ઓછામાં ઓછા પાંચ તાલુકા સંઘો હરીફાઈમાં ભાગ લે તો તેમાંથી ત્રણ વિજેતા જાહેર કરવા જો પાંચથી ઓછા હોય તો ફકત એકને પ્રથમ વિજેતા જાહેર કરવાના રહેશે. જેની ખાસ નોંધ લેશો.

1. પ્રથમ નંબરે આવનાર વિજેતા તાલુકા સંઘોને પ્રભાવક શિલ્ડ અને પ્રમાણપત્ર
2. દ્વિતીય આવનાર વિજેતા તાલુકા સંઘોને પ્રભાવક શિલ્ડ અને પ્રમાણપત્ર
3. તૃતીય નંબરે આવનાર તાલુકા સંઘોને આકર્ષક શિલ્ડ અને પ્રમાણપત્ર

**હરીફાઈના પ્રચાર અંગે :**

રાજ્ય સહકારી સંઘની યોજના અનુસાર આ શિલ્ડ હરીફાઈના પ્રચાર માટે રાજ્ય સહકારી સંઘ તરફથી જિલ્લા સહકારી સંઘો મારફતે દરેક જિલ્લાના તાલુકા સંઘોને પરિપત્ર મોકલવામાં આવે છે અને તાલુકા સહકારી સંઘોને આ હરીફાઈમાં ભાગ લેવા અનુરોધ કરવામાં આવે છે. આ ઉપરાંત હરીફાઈ માટે વધુ પ્રસિદ્ધિ અને પ્રચાર થાય તે માટે નીચે જણાવ્યા મુજબના પ્રયાસો કરી શકાય.

1. દરેક જિલ્લા સહકારી સંઘે હરીફાઈની વિગતોને યોગ્ય પ્રસિદ્ધિ આપવા માટે જિલ્લાનાં તમામ તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘોને પરિપત્ર પાઠવવો.
2. જિલ્લા સહકારી સંઘ ધ્વારા પ્રસિદ્ધ થતા સામયિકમાં તેમજ સ્થાનિક દૈનિક કે સાપ્તાહિકમાં હરીફાઈના મહત્વના મુદ્દા અંગેની પ્રસિદ્ધિ કરવી.
3. દરેક સી.ઈ.આઈ. તેમજ મહિલા સી.ઈ.આઈ.ઓએ તેમના કાર્યક્ષેત્રના તાલુકાઓમાં આવેલ તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘોના ધ્યાન ઉપર આ હરીફાઈની વિગતો લાવવી અને તેઓને પ્રવેશપત્રક ભરવામાં મદદ કરી પ્રોત્સાહિત કરવા જરૂરી છે. આ કામગીરીનો ઉલ્લેખ તેમણે તેમની માસિક ડાયરીમાં પણ કરવો.
4. તમામ જિલ્લા રજિસ્ટ્રારશ્રીઓ તેમના અધિકારીઓ, વિસ્તરણ અધિકારીઓ મારફતે સારૂં કામ કરતાં તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘો હરીફાઈમાં ભાગ લે તે માટે પ્રોત્સાહન આપે તેવી વિનંતી છે.
5. જિલ્લા સહકારી બેન્કો તેમજ જિલ્લા ખરીદ વેચાણ સંઘો તેમના અધિકારીઓ, ઈન્સ્પેકટરો, સુપરવાઈઝરો ધ્વારા આ હરીફાઈનો વ્યાપક પ્રચાર કરે તે આવકાર્ય બની રહેશે.

**શ્રેષ્ઠ મંડળીઓની પસંદગી :**

શિલ્ડ તેમજ પ્રમાણપત્ર આપવા અંગે જિલ્લા સહકારી સંઘો નીચે જણાવ્યા મુજબ જિલ્લા કક્ષાએ એક જિલ્લા શિલ્ડ પસંદગી સમિતિની રચના કરવાની રહેશે જેમાં

1. જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષશ્રી અથવા તેમના પ્રતિનિધિ-અધ્યક્ષ
2. જિલ્લા રજિસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓ-સભ્ય
3. જિલ્લા ખરીદ વેચાણ સંઘના અધ્યક્ષ-પ્રતિનિધિ
4. ગુજરાત રાજ્ય સહકારી સંઘના પ્રતિનિધિ સભ્ય
5. જિલ્લા સહકારી સંઘના એક્ઝિક્યુટિવ ઓફિસર/મેનેજર-સભ્ય

**પસંદગી અંગેના માર્ગદર્શક મુદ્દાઓ :**

1. શિલ્ડ હરીફાઈમાં ભાગ લેનાર તાલુકા સહકારી સંઘનો ઓડિટ વર્ગ 'અ' અથવા 'બ' હોવો જોઈએ. સને 2023-2024 ના વર્ષમાં તેના સભાસદોને વધુમાં વધુ સેવાઓ આપેલી હોવી જોઈએ તેમના કામકાજ અને નાણાકીય ભંડોળ સંગીન હોવા જોઈએ.
2. દરેક જિલ્લાના પાંચથી વધારે તાલુકા સંઘો ભાગ લે તો તેમાંથી પ્રથમ, દ્વિતીય અને તૃતીય મંડળીની પસંદગી કરવાની રહેશે.પરંતુ જો પાંચથી ઓછા તાલુકા સંઘોએ હરીફાઈમાં ભાગ લીધેલ હશે તો ફકત એક જ તાલુકા સહકારી સંઘને પ્રથમ વિજેતા જાહેર કરવાનો રહેશે. તાલુકા સંઘોની પસંદગી તેમની કામગીરીની ગુણવત્તાના ધોરણે જ કરવાની રહેશે.
3. તાલુકા સહકારી સંઘે રાજ્ય સહકારી સંઘનું શિક્ષણફંડ નિયમિત ભરેલુ હોવું જોઈએ.
4. રાજ્ય સહકારી સંઘના સામયિકો 'સહકાર' પાક્ષિક અને 'ગ્રામસ્વરાજ' માસિકનું લવાજમ તાલુકા સંઘે ભરેલું હોવું જોઈએ.
5. મંડળીના હોદ્દેદારો, સામાન્ય સભ્યો અને કર્મચારીઓએ શિક્ષણની તાલીમ લીધેલ હોય તે આવકાર્ય છે. ઉપરોકત બાબતોનો સ્પષ્ટ ઉલ્લેખ પ્રવેશપત્રકમાં કરવો અનિવાર્ય છે.
6. આ અગાઉ યોજાયેલ તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘો શિલ્ડ હરીફાઈમાં જે મંડળીએ પ્રથમ નંબર મેળવ્યો હોય તે મંડળી આ હરીફાઈમાં ભાગ લઈ શકશે નહિં.

જિલ્લા સહકારી સંઘની શિલ્ડ પસંદગી સમિતિના સભ્ય-મંત્રીએ હરીફાઈમાં ભાગ લીધેલ તમામ તાલુકા સહકારી સંઘોની માહિતી સંકલિત કરી, માહિતી-પત્રકમાં પૂરેપૂરી માહિતી મોકલવી જરૂરી છે. તેની સાથે તમામ તાલુકા સંઘોના પ્રવેશપત્રકો, વાર્ષિક અહેવાલો, પેટાકાયદાની નકલો મોકલવી તથા જેટલી સંસ્થાએ ભાગ લીધેલ માહિતીની સમરી સાથેની વિગતો સાથે મોકલવી.

આ ઉપરાંત જિલ્લા શિલ્ડ પસંદગી સમિતિએ શ્રેષ્ઠ તાલુકા સહકારી સંઘોની પસંદગી માટે કરેલ ઠરાવ સમિતિના અધ્યક્ષશ્રી તથા સભ્યમંત્રીએ સહી સાથેનો રાજ્ય સંઘને અવશ્ય મોકલવો.

1. હરીફાઈમાં ભાગ લેનાર તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘોએ મોડામાં મોડા **તા.10/9/2024 સુધીમાં પ્રવેશપત્રકો** જિલ્લા સહકારી સંઘમાં મોકલી આપવા ત્યારબાદ આ પ્રવેશપત્રકોની માહિતીની ચકાસણી કરી તેનું સંકલિત માહિતીપત્રક તૈયાર કરી સભ્યમંત્રીએ જિલ્લા શિલ્ડ પસંદગી સમિતિમાં રજૂ કરવું.
2. હરીફાઈમાં ભાગ લેનાર તાલુકા સંઘોની સંકલિત માહિતી ધ્યાનમાં લઈ જિલ્લા શિલ્ડ પસંદગી સમિતિએ ગુણવત્તાના ધોરણે તાલુકા સંઘોમાંથી નિયમ મુજબ વિજેતા જાહેર કરી, તાલુકા સંઘોની પસંદગી શિલ્ડ અને પ્રમાણપત્ર માટે કરશે. આ માટે સમિતિ પોતાનો સ્પષ્ટ અભિપ્રાય આપતો ઠરાવ કરશે.
3. જિલ્લા શિલ્ડ પસંદગી સમિતિના સભ્યમંત્રી હરીફાઈ માટે મળેલ તમામ પ્રવેશપત્રકો તાલુકા સહકારી સંઘોના વાર્ષિક અહેવાલો, પેટાકાયદાની નકલો, સંકલિત માહિતીપત્રક જિલ્લા પસંદગી સમિતિનો વિજેતા મંડળીઓ અંગેનો સ્પષ્ટ અભિપ્રાય આપતો ઠરાવ સહી-સિક્કા સાથે રાજ્ય સહકારી સંઘને **તા.10/10/2024 સુધીમાં** જિલ્લા સહકારી સંઘ મારફતે અચૂક મળી જાય તે રીતે મોકલી આપશો.
4. ઉપરોકત ક્રમ (3) માં જણાવેલ તમામ વિગતો અને જિલ્લા પસંદગી સમિતિનો અભિપ્રાય વિગેરે ધ્યાનમાં લઈ રાજ્ય સહકારી સંઘની શિલ્ડ સમિતિ જે નિર્ણય લેશે તે શિલ્ડ અને પ્રમાણપત્ર આપવા માટે આખરી ગણાશે, સામાન્ય રીતે જિલ્લા પસંદગી સમિતિનો પોતાનો અભિપ્રાય આપતો ઠરાવ સર્વાનુમતે કરવો જરૂરી છે.

શિલ્ડ હરીફાઈમાં ભાગ લેવા ઈચ્છતા જિલ્લાના તમામ તાલુકા સહકારી સંઘો માટેના ભરવાના પ્રવેશપત્રકો અલગથી પોસ્ટ/આંગડિયા મારફતે જિલ્લા સહકારી સંઘોને મોકલી આપવામાં આવ્યા છે, જે ત્યાંથી મેળવી લેવાના રહેશે. દરેક તાલુકા સહકારી સંઘે પ્રવેશપત્ર ભરી જિલ્લા સહકારી સંઘને જ મોકલી આપવાના રહેશે અને જિલ્લા સંઘની શિલ્ડ પસંદગી સમિતિ અને રાજ્ય સહકારી સંઘની શિલ્ડ પસંદગી સમિતિનો નિર્ણય આખરી ગણાશે, જેની ખાસ નોંધ લેશો.

(ડૉ.રાજેન્દ્ર સી.ત્રિવેદી)
એક્ઝિક્યુટિવ ઓફિસર